પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૯ | ૩૦ ડિસેમ્બર, ૨૦૧૮, રવિવાર; માગશર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પુલવામામાં ચાર આતંકી ઠાર

**પુલવામામાં સેનાના ઓપરેશનમાં ચાર કુખ્યાત ત્રાસવાદીઓ ફુંકાયા : મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરાયો : સેનાની ૪૪ રાષ્ટ્રીય રાયફલ, કેન્દ્રિય રિઝર્વ પોલીસ બટાલિયન તેમજ જમ્મુ-કાશ્મીર પોલીસનું સંયુક્ત ઓપરેશન**

શ્રીનગર,તા. ૨૯

જમ્મુકાશ્મીરના પુલવામા જિલ્લામાં સેનાએ શનિવારના દિવસે મોટી સફળતા હાંસલ કરી હતી. પુલવામાના રાજપોરા ગામમાં થયેલી અથડામણમાં સેના અને એસઓજીના સંયુક્ત ઓપરેશનમાં ચાર ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સુરક્ષા દળોએ ઓપરેશન પૂર્ણ થયું હોવાનો દાવો કર્યો હતો. લશ્કરી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે શુક્રવારે મોડી રાત્રે ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જે આજે સવાર સુધી જારી રહ્યુ હતુ. બાતમીના આધાર પર કાર્યવાહી કરવામાં આવી હતી. આ સુચના

● અનુસંધાન પાન-૭ પર

## ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં મિશેલે સોનિયા ગાંધીનું નામ લીધું

**દિલ્હી પટિયાલા હાઉસ કોર્ટમાં ઈડીના દાવાથી ભારે ખળભળાટ : મિશેલે હવે ઈટાલીની મહિલાના પુત્રનો ઉલ્લેખ પણ કર્યો છે : દિલ્હી કોર્ટમાં ઈડીની રજુઆતથી કોંગ્રેસની ઉંઘ હરામ**

નવી દિલ્હી, તા. ૨૯

ઈન્ફોર્સમેન્ટ ડિટોક્ટોરેટે આજે દિલ્હીની પટીયાલા હાઉસ કોર્ટમાં માહિતી આપતા કહ્યું હતું કે ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડના વચેટીયા ક્રિશ્ચિયન મિશેલે પૂછપરછમાં સોનિયા ગાંધીના નામનો ઉલ્લેખ કર્યો છે. અલબત્ત ઈડીએ કહ્યું છે કે તે હાલમાં એમ કહેવાની સ્થિતિમાં નથી કે મિશેલે ગાંધીનું નામ કયા સંદર્ભમાં લીધું છે. આ ઉપરાંત ઈડીએ દાવો કર્યો છે મિશેલે ઈટાલીના મહિલાના પુત્રનો ઉલ્લેખ કર્યો છે. બીજી બાજુ ઈડીના આ દાવાથી ખળભળાટ મચી ગયો છે. કોંગ્રેસ અને ભાજપ આમને સામને આવી ગયા છે. બીજી બાજુ કોર્ટે મિશેલને સાત દિવસ માટે ઈડીની કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો છે. ઈડીએ કોર્ટમાં કહ્યું હતું કે ક્રિશ્ચિયન મિશેલે ગાંધીના

● અનુસંધાન પાન-૭ પર











